ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૬-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રધાનમંત્રીને મહિલા નેતાઓનું શિરદર્દ

છેલ્લે આમ આદમી પાર્ટીના નેતા જિતેન્દ્રસિંહ તોમરનો બનાવટી ડિગ્રીઓ વાળો કિસ્સો પ્રકાશમાં આવતા એમની કાનૂન મંત્રીની ખુરશીનો ભોગ લેવાયો અને એક ગુનેગારની જેમ દિવસો સુધી રિમાન્ડ પર રખાયા ત્યાર પછી કેન્દ્રીય માનવ સંસાધન મંત્રીનો 'ડિગ્રી વિવાદ' ફરી ચર્ચાની એરણે ચડ્યો છે. હકીકતમાં સ્મૃતિ ઈરાની પાસે 'ડિગ્રી'ની કક્ષામાં આવે એવી કોઈ શૈક્ષણિક લાયકાત નથી. તેઓ ફક્ત બારમું ધોરણ પાસ છે. અત્યાર સુધી દેશનાં શિક્ષણમંત્રી પદે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા મહાનુભાવો તથા વરિષ્ઠ નેતાઓ કાર્યરત રહેતા આવ્યા છે. પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબુલ કલામ આઝાદથી લઈ આ પદ પર પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવ અને સમર્થ રાષ્ટ્રીય નેતા અર્જુનસિંહ અને ડૉ. મુરલી મનોહર જોષી જેવી હસ્તીઓ સેવા આપી ચૂકેલ છે. સ્મૃતિ ઈરાનીએએમની બે ચૂંટણીની ઉમેદવારી દરમિયાન દર્શાવેલ શૈક્ષણિક લાયકાત જુદી પડતી હોઈ એક ફ્રી લાન્સ પત્રકારે અદાલતની દાદ માગી હતી, જે અદાલતને ગ્રાહ્ય રાખવાયોગ્ય લાગી છે. આગામી ચોમાસું સત્રમાં આ મુદ્દો વિપક્ષ દ્વારા ઉઠાવાય એવી પૂરી શક્યતા છે. મહારાષ્ટ્રની ભાજપ-શિવસેના યુતિ સરકારના શિક્ષણમંત્રી વિનોદરાવ તાવડે પણ આવા જ મુદ્દે વિપક્ષના સકંજામાં આવ્યા છે. ઈજનેરી ડિગ્રી હોવાનો દાવો કરતા તાવડે ફક્ત બારમી પાસ છે. રાજકારણ આવા અલ્પશિક્ષિતોની ધર્મશાળા બની ગયું છે. છીંડે ચડ્યો તે ચોર - એ કહેવત મુજબ જવલ્લે જ કોઈ એકલદોકલ પકડાઈ જાય છે અને આમ આદમી પાર્ટીના પૂર્વ કાનૂન મંત્રીની જેમ તિહાડની હવા ખાય છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ માટે સુષમા સ્વરાજ, વસુંધરા રાજે કે સ્મૃતિ ઈરાનીને છાવરવાં પડે છે તે એની મજબૂરી છે. ત્રણે મહત્ત્વના હોદ્દાઓ ધરાવતી મહિલા નેતાઓ છે. મહારાષ્ટ્રનાં મહિલા અને બાળવિકાસ મંત્રી પંકજા મુંડેના કથિત ટેન્ડરકાંડ પછી ભાજપની શિરોવેદનામાં વધારો થયો છે. સરકારી ધારાધોરણો મુજબ ત્રણ લાખ રૂપિયાથી વધારે ખરીદી કરવા માટે ઈ-ટેન્ડર પદ્ધતિ અપનાવવાને બદલે આ પ્રભાવશાળી મહિલામંત્રીએ ચોવીસ જ કલાકમાં ચોવીસ ટેન્ડરો પાસ કરી દઈ કરોડો રૂપિયાની ખરીદી કરી દીધી હોવાનું બહાર આવ્યું છે. બજારભાવ કરતાં વધુ ઊંચા ભાવે કરેલી કરેલી કરોડો રૂપિયાની ખરીદી પંકજા મુંડે સામે શંકાની સોય સાબિત થઈ સહ્યું છે. ખુદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પંકજા મુંડેના બચાવમાં ઉતરવું અઘરું પડી રહ્યું છે. પંકજા મુંડે પાર્ટીના પછાત વર્ગોના લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવેલા સ્વ. ગોપીનાથ મુંડેની સુપુત્રી છે. મુંડેની અણધારી વિદાય પાર્ટી માટે મોટા ફટકા સમાન હતી. તે વખતે પંકડા મુંડે મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે ઊપસી આવ્યાં હતાં. પરંતુ નરેન્દ્ર મોદીએ એમના વિશ્વાસુ અનુચર અને પ્રદેશ ભાજપના પ્રમુખ દેવેન્દ્ર ફડણવીસની પસંદગી કરી હતી. વડાપ્રધાન માટે એક પછી એક મહિલા નેતાઓ નવી મુસીબતો ઊભી કરી રહી છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની ઢાલ હોવાથી સુષ્મા સ્વરાજ અને વસુંધરા રાજે સામે પાર્ટી કે સરકાર કોઈ પગલાં લઈ શકી નથી. ઉફરા મનથી એમનો બચાવ કરવો પડે છે ત્યારે રાજનાથસિંહ કે અમિત શાહના હાવભાવ જોવા જેવા થઈ જાય છે. વડાપ્રધાન આ મુદ્દે હરફ સરખો ઉચ્ચારવા તૈયાર નથી, તે શું સૂચક નથી? વિપક્ષો આગામી સંસદ સત્રમાં વડાપ્રધાન પાસે આ મુદ્દે ઘણી બધી સ્પષ્ટતા માગશે. સ્મૃતિ ઈરાની વિરુદ્ધ કરેલી ફરિયાદનો પટિયાલા કોર્ટ તરીકે ઓળખાતી અદાલતે સ્વીકાર કર્યો છે અને એ માટે ૨૮ ઓગસ્ટની મુદત આપી છે એ પહેલાં જુલાઈમાં શરુ થનાર ચોમાસું સત્ર મહિલા નેતાઓના નામ પર બલિ ચઢી જાય, એવી શક્યતા નકારી શકાય એમ નથી.

### પેથાપુરમાં આજે ગાયત્રી પુસ્તક મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૫

પેથાપુર મુકામે ગાયત્રી સાધના પ્રચાર કેન્દ્ર દ્વારા રામાપીરનું મંદિર ખાતે તા. ૨૬ અને ૨૭મી જુનના દિવસે સવારે નવ થીરાત્રિના આઠ વાગ્યા સુધી પુસ્તકમેળાનું આયોજન રાખવામાં આવ્યું છે. વેદમૂર્તિ, તપોનિષ્ઠ, પંડિતશ્રી રામ શર્માજીએ વ્યકિતગત, કૌટુંબિક, સમાજિક અને રાષ્ટ્રીય સમસ્યાઓનુંસમાધાન આપતા ૩૨૦૦ પુસ્તકો લખ્યા છે. ઉપરોકત પુસ્તકો અડધી કિંમતે મળશે. પેથાપુર નગરમાં અનોખા પ્રકારનો આ પુસ્તક મેળો યોજાઈ રહ્યો છે. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ ભાવસારે જણાવેલ છે કે જીઈબી કોલોનીના પુસ્તક મેળાને સુંદર પ્રતિસાદ મળેલ હતો.

### જીઆઈપીએસના જૈમિન પટેલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૫

હાલમાં ગોવા ખાતે ચોથી ઈન્ડિયા નેશનલ કોસુફુંગફુ ચેમ્પિયનશીપ ૨૦૧૫ યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ (જીઆઈપીએસ)ના વિદ્યાર્થી જૈમિન પટેલે અંદર ૧૭ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### શનિવારે ગાંધી મિત્ર વર્તુળની બેઠક યોજાશે

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની બેઠક તા. ૨૭ જુન માસના ચોથા શનિવારે ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સકટર-૨૨, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. જેમાં ગાંધી મિત્ર વર્તુળના તમામ ગાંધીજનોએ અચુક હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

### પ્રવેશોત્સવની સાથે વાલીં સમેલન યોજાયુ

સેક્ટર-૨૩ શ્રીમતિ આર.જી. માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ અને વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં ૨૮૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશોત્સવમાં શાળામાં પ્રથમ ચરણ મુકતા વિદ્યાર્થીઓનેશાળાની કાર્યશૈલીથી વાકેફ કરવામાં આવ્યા હતા. તેમજ ઉપસ્થિત વાલીઓએ શાળા પ્રત્યે પોતાના વિચારો રજુ કર્યા હતા.

# ગાંધીનગરની બીબીએ કોલેજના ૫૦થી વધુ વિદ્યાર્થીઓ સરકારી વિભાગોમાં કાર્યરત

## રાજ્ય તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ હોદ્દા પ્રાપ્ત કર્યા : કોલેજમાં શિક્ષણ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની સઘન તાલીમનું સાનુકૂળ પરિણામ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સે. ૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલની બી.પી. કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશનના ૫૦થી વધુ વિદ્યાર્થીઓ હાલ રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવી રહ્યા છે. કોઈપણ વિદ્યાર્થી માટે ઉચ્ચત્તર અભ્યાસમાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરી ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરવું એ સોનેરી સ્વપ્ન હોય છે. બી.પી. કોલેજનું શિક્ષણ, સુવિધાઓ તેમજ અભ્યાસેતર પ્રવૃત્તિઓના કારણે વિદ્યાર્થીઓ તેમની મનપસંદ કેરિયર પામવાના સપના પુરા કરી રહ્યાં છે.

અભ્યાસના સમયમાં ઉચ્ચત્તર શિક્ષણ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વ્યક્તિત્વ વિકાસનું એટલું જ મહત્વ રહેલું છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય અંતર્ગત ૧૯૯૯થી કાર્યરત બીબીએ કોલેજમાં અભ્યાસની સાથે સાથે સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની સઘન તાલીમ કરાવાય છે. જીપીએસસી, યુપીએસસી, પોલીસ, સચિવાલય તેમજ બિન સચિવાલયમાં આવરી લેવાતા જનરલ નોલેજ અને કરંટ અફેર્સ, અંગ્રેજી, મેથેમેટિક્સ, એટીટ્યુડ અને ટીઝનીંગ જેવા વિષયોમાં વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. સંપૂર્ણ વાતાનુકુલિત હોલમાં ઓડિયો-વિઝ્યુઅલ્સ મેથડથી ૨ થી ૩ કલાકના સેમિનાર્સ, વર્કશોપ્સ તેમજ એક્સપર્ટ લેકચર્સથી વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માહિતી આપવામાં આવે છે. કોલેજમાં પણ બધા વિષયોનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે વાંચન સામગ્રીનો અખૂટ ખજાનો ઉપલબ્ધ છે. આ ઉપરાંત સમયાંતરે લેખિત પરીક્ષાના મોક ટેસ્ટ પણ યોજવામાં આવે છે. જેથી વિદ્યાર્થીએ તૈયાર કરેલ વિષયોનું મૂલ્યાંકન થઈ શકે. વિદ્યાર્થીનું ફિઝીકલ ટ્રેનિંગ તથા પ્રેક્ટેકિલ ટ્રેનિંગ દ્વારા ઘડતર કરી ઈન્ટરવ્યુમાં સફળ થવા સુધીની તૈયારી કરાવવામાં આવે છે અને આ પ્રકારની પ્રવૃતિતોનો કોઈ વધારાનો ચાર્જ પણ લેવાતો નથી.

બીબીએ કોલેજમાં વિદ્યાર્થીઓના અનુકૂળ સમયે વિનામૂલ્યે મળતી તાલીમનો અનેક વિદ્યાર્થીઓ-વાલીઓ અવિરત લાભ ઉઠાવે છે. જેના પરિણામ સ્વરૂપ કોલેજના ૫૦ થી પણ વધુ ચુનંદા વિદ્યાર્થીઓ સરકારી ક્ષેત્રે ઉચ્ચતમ હોદ્દાઓ પ્રાપ્ત કરી જુદા જુદા વિભાગોમાં તેમની સેવાઓ બજાવી રહ્યાં છે અને સરકારી ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા અન્ય વિદ્યાર્થીઓ માટે ઉદાહરણરૂપ સાબિત થઈ રહ્યા છે.

# વાવોલ એમ.બી. પટેલ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ અપાઈ

## પ્રો. પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબાના સ્મરણાર્થે વિતરણ કરાયું : મેયર, ચેરમેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત





ગાંધીનગર, તા.૨૫

વાવોલમાં આવેલ શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં સેવાભાવી પ્રો. પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબાના સ્મરણાર્થે ગણવેશ અને શિક્ષણ સામગ્રીનું દાન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર પાસેના વાવોલ ગામની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ગણવેશ અને શિક્ષણ સામગ્રી વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યક્ષ તરીકે અશોક પટેલ (શ્રોફ) મુખ્ય મહેમાન તરીકે મેયર હંસાબેન મોદી અને અતિથિ વિશેષ તરીકે મનપાના ચેરમેન રાકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ગણવેશ, નોટબુક સહિતની કીટ વિતરણ કરવામાં આવી હતી.

નિવૃત્ત પ્રોફેસર પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબાના સ્મરણાર્થે શાળાના ૯૧ વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ શ્રીમતી એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલયને પૃથ્વીભાઈ શાહ દ્વારા રૂ. ૩૬૦૦૦નું કમ્પ્યુટર દાન આપવામાં આવ્યું હતું. પૃથ્વીભાઈ દ્વારા વર્ષમાં અનેક વખત અલગ અલગ જગ્યાએ જરૂરિયાતમંદ લોકોને દાન આપવામાં આવે છે. શિયાળામાં ગરમ કપડા, ઉનાળામાં સુતરાઉ કપડા અને તેમજ વાર તહેવારને અનુરુપ અનેક ચીજવસ્તુઓ વિતરણ કરવામાં આવે છે.

આ પ્રસંગે શાળાના સહમંત્રી અમરસિંહ ગોલ, વિનોદસિંહ રાઠોડ, આચાર્ય બળદેવભાઈ પટેલ, કુબેરસિંહ ગોલ, મંડળના સદસ્યો તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### કેટ કેમ્પમાં ચૌધરી કોલેજની બે વિદ્યાર્થિનીને ગોલ્ડ



સેક્ટર-૭ચૌધરી મહિલા આર્ટસ કોલેજ એન.સી.સી. યુનિટ દ્વારા અમદાવાદમાં યોજાયેલ CATC કેમ્પમાં ભાગ લીધો હતો. કેમ્પમાં કોલેજની ૧૮ એન.સી.સી. કેડેટ્સ જોડાઈ હતી. જેમાં હંસા ચૌધરીને સિનિયર લીડર તરીકે કામગીરી કરવા બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ વર્ષા સી. ચૌધરીએ ૧૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા ગોલ્ડમ મેડલ મેળવ્યો હતો. કોલેજની બે વિદ્યાર્થીએ ગોલ્ડ મેળવતા કોલેજ પરિવારે હંસા ચૌધરી અને વર્ષા ચૌધરીને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.



### સે-૨૧ પુસ્તકાલયમાં પુસ્તકોનું વેચાણ

સેકટર-૨૧ સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે આગામી ૨૭ જૂન શનિવારના રોજ જૂના સામાયિકો વેચાણ અર્થે મુકવામાં આવશે ત્યારે નગરના સાહિત્ય રસિકોને જૂના પુસ્તકોનો લાભ લેવા જણાવાયું છે.

### પેથાપુરની ગ્રાન્ટેડ સ્કૂલમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પરેશાની

પેથાપુરની શેઠ મ.ભો. ગ્રાન્ટેડ સ્કૂલમાં ધો. ૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કાપડીયા કેતુલ રમેશભાઈને નિયત ફી કરતાં વધારે ફી લેવા બદલ જિલ્લા શિક્ષણાધિકારીએ પરત કરવા આદેશ કરેલ છે. છતાં ગ્રાન્ડેડ સ્કૂલ આ આદેશને ગણકારતી નથી. ગરીબ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને ફી પરત કરવાના બદલે બાળકને ઉઠાવી લેવાની ધમકી આપે છે. ગરીબ વિદ્યાર્થીઓને ગ્રાન્ટેડ વિભાગમાં પ્રવેશ આપેલ હોય તો તે વિદ્યાર્થીઓની ફી પરત કરવા જણાવેલ છે. આમ ગરીબ અનુસૂચિત જાતિના પછાત વર્ગના વિદ્યાર્થીઓ હેરાન થાય છે.

### પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓ રાજ્યપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્યને ફાળવવામાં આવેલ ભારતીય પ્રશાસનિક સેવાના અજમાયશી અધિકારીઓના એક સમુહે આજે રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# ગુજરાતી ગીત-ગઝલોના મનભાવન કાર્યક્રમ 'વેણીમાં સદાબહાર ફૂલ' દ્વારા શિવરંજની ગાંધીનગરે ઉજવ્યો વિશ્વ સંગીત દિવસ

## વિવિધતાભર્યાં, અવનવા રંગો-છટા-આભાવાળાં ગીતોરુપી ફૂલોને સાથે મળી ચૂંટીને ગજરો ગૂંથવાનો સૂરીલો અવસર શ્રોતાઓએ માણ્યો : શ્યામલ-સૌમિલ મુનશી વૃંદે સ્વર-સૂર-શબ્દની વર્ષામાં સૌને રસભીનાં કર્યા...અભિનંદન

ટહૂકાર
પ્રકાશ લાલા

ગુજરાતી સુગમ સંગીતને - ગુજરાતી કાવ્યસંગીતને ઘરઘર સુધી ગૂંજતું રાખવાની ચોક્કસ નિસબત અને દર વખતે શ્રોતાઓને કંઈક અનોખું - મનોરંજક છતાંય અર્થપૂર્ણ પીરસવાની નેમ સાથે સતત પ્રવૃત્તિશીલ કેટલાક ગાયક કલાકારો અને સંગીતકારોનાં નામ જ કાફી હોય છે એમનો કાર્યક્રમ સાંભળવા - માણવા ખેંચી જવા માટે!

શ્યામલ-સૌમિલ-આરતી મુનશી સાથે સંચાલક કવિ તુષાર શુક્લ પણ આવાં જ નામો છે એમાંય સાથે ભાઈ નિરજ પાઠક તથા બહેન ગાર્ગી વોરા હોય પછી તો પુછવું જ શું? આથી જ 'શિવરંજની' ગાંધીનગર દ્વારા તા. ૨૧ જૂનની રાત્રે યોજાયેલ શ્યામલ-સૌમિલ મુનશી પ્રસ્તુત કાર્યક્રમ 'વેણીમાં સદાબહાર ફૂલ' માટે મન ખેંચાતું અને સાતે જ આ કલકારોએ સૌને સ્વર-સૂર-શબ્દની વર્ષામાં રસભીનાં કરી દઈ કાર્યક્રમને મનભાવન બનાવ્યો.

પ્રોગ્રામના ટાઈટલમાં જ ફૂલોની વાત હોય એટલે મંચસજ્જામાં તો ફૂલો જ ફૂલો હોવા (રીયલ ને આર્ટિફીશયલ બંને) જોઈએ... 'વેણીમાં સદાબહાર ફૂલ' એ શીર્ષક પંક્તિ મંડિત અને નીચે 'ચાલો સાથે મળી ફૂલો ચૂંટીએ અને ગૂંથીએ ગજરો' એવી ટેગ લાઈન વાળા ધ્યાનાકર્ષક બેકડ્રોપ ઉપર વરસતાં ફૂલોની ઈમેજ, પેનલ્સ પર પણ ફૂલો ને ફૂલસેરો... અરે, ગાયકવૃંદની સન્મુખ પણ ફૂલડાં જ ફૂલડાં ને સ્ટેજની ધારે ત્રણ મોટી ફૂલછાબો... આ બધાં ઉપર કુશળ પ્રકાશ આયોજક ભાઈ હેરી ઉપાધ્યાયનું અતિ સૂઝભર્યું લાઈટીંગ ન કેવળ નયનરમ્ય દૃશ્યાવલિ રચતું હતું, કાર્યક્રમને અનુરુપ સરસ માહોલ પણ બનાવતું હતું.

આ કાર્યક્રમમાં આરતી - અવિનાશ વ્યાસ રચિત - સ્વર નિયોજીત સૌમિલભાઈી ગાયેલ 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો, આરતીબહેન મુનશી પ્રસ્તુત અને એક જમાનામાં આકાશવાણી અમદાવાદ પરથી નિયમિત સાંભળવા મળતું સરોજ ગુંદાણીના કંઠે ગવાયેલ રસીકભાઈ ભોજકે સ્વરબદ્ધ કરેલ રમતિયાળ પ્રેમગીત' 'ઝાંઝર અલકમલકથી આવ્યું રે... મારા વહાલાએ પગમાં પહેરાવ્યું રે... મારું રણકે છમછમ ઝાંઝરડું...' તથા ભાઈ નિરજ પાઠક પ્રસ્તુત 'વીજલડી રે ઓ વીજલડી રે... એમ ઝબકીને હાલ્યા જવાય ના....' હોય કે મનહર ઉદાસે ગાયેલ 'શાંત ઝરૂખે બેઠેલી મેં એક રૂપની રાણી જોઈ હતી' જે ગ્રામ્ય મેળાનું મનોહર દશ્ય ખડું કરવાની સાથે ખૂબ સરળ શબ્દોમાં જીવનની ઘટમાળની ફિલ્સુફી વ્યક્ત કરતું અવિનાશ ભાઈનું ગીત 'સરર સરર મારું ચકડોળ ચાલે...' હોય તથા ગાર્ગી વોરાના કંઠે ગવાયેલ ફિલ્મ 'કાશીનો દીકરો' નાં વેણીભાઈ પુરોહિતનાં ક્ષેમુભાઈ દિવેટીયાએ સ્વરબદ્ધ કરેલા ભાવવાહી ગીતો 'મુને અંધારાં બોલાવે, મુને અજવાળાં બોલાવે...', 'ઝીણા ઝીણા રે અંકેથી અમને આલિયાં' અને હરીન્દ્ર દવેની કૃતિ 'રૂપલે મઢી છે સારી રાત રે સજન, એનું ઢૂકડું ન હોજો પરભાત' અથવા તો શ્યામભાઈ પ્રસ્તુત નંદકુમાર પાઠક રચિત ગીત 'તારો છેડલો તું માથે રાખને જરા, આ તો ચૈતર વૈશાખના વાયરા, તારી વેણીની મહેક ઊડી જાયના... આ તો ચૈતર વૈશાખના વાયરા...' તેમ જ સૌમિલભાઈએ ગાયેલ જાણીતી રચના 'પંખીડાને આ પીંજરું જૂનું જૂનું લાગે...' સિવાય બીજાં કોઈ ગીતો રજૂ ન થયાં હોત તો ય 'શિવરંજની' પ્રસ્તુત આ કાર્યક્રમ સફળ જ બની રહ્યો હોત...

'વેણીમાં સદાબહાર ફૂલ'ની પ્રસ્તુતિનો ઉપક્રમ જ એવો નવતર હતો કે શ્રોતાઓ જ નહીં, કાર્યક્રમ રજૂ કરનારા ગાયકો અને વાદ્યવૃંદ સુદ્ધાં પ્રત્યેક ગીત પૂર્વે જોરદાર કુતૂહલ - જિજ્ઞાસાનો અનુભવ કરતા હતા કે 'હવે પછી કયું ગીત કે ગઝલ કે પરંપરામાંથી કોઈ રનચા રજૂ કરવાની થશે - સાંભલવાની થશે!! સ્ટેજની ધારે મૂકેલ ત્રણ ફૂલછાબમાંથી ઓડિયન્સમાંથી કોઈ આવે (એમને બોલાવવામાં પણ દર વખતે નવી જ વાત - 'નણંદ-ભોજાઈ હોય તો તે આવે, બાપ-દીકરો સાથે આવ્યાં હોય તો તે આવે, બાર-પંદર વર્ષનું કોઈ હોય તો તે આવે, ફલાણી, સીટ નંબરવાળું આવે વગેરે વગેરે...') છાબમાંથી એક ફૂલ ચૂંટે - એમાં રાખેલ ચિઠ્ઠી ખોલે ને એણાં જે ગીતના શબ્દો નીકળે તે તરત જ મંચ ઉપરથી કલાકાર દ્વારા રજૂ થાય.

એક ફૂલછાબમાં પુરુષ સોલો - બીજીમાં મહિલા સોલો ને ત્રીજીમાં યુગલ ગીતોની ચિઠ્ઠીઓ ફૂલોમાં છુપાવેલ હતી... ૪૦-૫૦ જેટલાં ગુજરાતી ગીત-ગઝલો-ભજનો-લોકગીતો-ગરબાઓમાંથી કઈ ચિઠ્ઠી ઉપડશે ને ગવાશે એ એક 'રોમાંચક એક્સપિરિયન્સ' હતો... આમાં ગાયકો ને વાદ્યગૃંહની સજ્જતાની પણ કસોટી હતી... ને આ જ કારણે 'શિવરંજની' આયોજિત આ કાર્યક્રમના નિમંત્રણ કાર્ડમાં લખ્યું હતું કે : ''૪૦ જેટલાં ગીત-ગઝલની ફૂલછાબમાંથી શ્રોતાએ ચૂંટેલ ગીતની તત્કાળ પ્રસ્તુતિનો ચેલેન્જીંગ અભિગમ.'' ... ને આ પ્રયોગ સૌએ માણ્યો પણ...

છાબમાંથી ફૂલો ચૂંટાતાં જતાં હતાં અને કવિ તુષાર શુક્લની હળવી - માર્મિક ટીપ્પણીઓ ઉપર 'વાહ.. વાહ...' ને હાસ્યની છોળો સાથે ગીતો રજૂ થતાં હતાં... જેમાં સુરેશ દલાલનું શ્યામલ મુનશીનાં કંઠે ગયાવેલ ગીત 'કમ્માલ કરે છે... કમ્માલ કરે છે... એક ડોશી ડોશાને હજી વહાલ કરે છે...' મજા કરાવી ગયું અને એની ઉપર તુષારભાઈએ ડોશો નહીં ને ડોશી જ કેમ? ને 'હજી' શા માટે? અને પ્રેમ-સ્નેહ-વહાલ વચ્ચેના ફર્ક વિશે કરેલા અર્થ વિસ્તારથી તો ઓડિયન્સ ઓર ઝૂમી ઊઠ્યું...

કવિ કૃષ્ણ દવેની જાણીતી 'મોર્ડન ટચ' રચના 'વાંસલડી ડૉટ કોમ મોરપીંછ ડોટ કોમ ડોટ કોમ વૃંદાવન આખું... શ્યામજીની વેબસાઈટ એટલી વિશાળ કે કયાં કયાં નામ એણાં રાખું...' પણ શ્યામલભાઈ પાસેથી સાંભળવાની મજા આવી.

આરતી બહેન - ગાર્ગીના કંઠે ગવાયેલ ગરબો 'દૂધે ભરી તલાવડી ને મોતીએ બાંધી પાળ ઝૂલણ ઝૂલવાં ગ્યાંતા કે ગરબે ઘૂમવા ગ્યાં તા...' એ ગરબાપ્રેમી શ્રોતાઓને નવરાત્રીની યાદ અપાવી.

આ ઉપરાંત અવિનાશ વ્યાસ રચિત ગુજરાતી ફિલ્મનું ગીત 'તમે થોડાં થોડાં થાય વરણાગી ઓ ભાભી તમે થોડાં થોડાં થાવ વરણાગી... નવી ફૅશનની ધૂન હવે લાગી... ભાભી તમે....' હોય કે રઈશ મણિયારનું નવા જમાનાનું ગીત 'ન પેપ્સી ન થમ્સ અપ ન કોકાકોલા ભાવે, રઈશ તો વિતેલા મિલેનિયમનો માણસ' (સ્વર નિયોજન અને ગાન શ્યામલ સૌમિલ મુનશી) એની સુંદર રજૂઆતના કારણે શ્રોતાઓને પસંદ પડી. તો ઈંદુલાલ ગાંધી રચિત અને મૂળ રતિલાલ વ્યાસે ગાયેલ ગરીબ - વિધવા -આંધળી માના શહેર જઈ વસેલા દીકરાને લખાયેલો કાગળ સૌમિલભાઈએ ગાયું ને ઓડિયન્સમાં કરૂણાભર્યું વાતાવરણ છવાઈ ગયું.

એ પછીના ફૂલમાંથી નીકળી વાત પાન લીલું જોયાની... ને ભાવનગરના જ કવિ હરીન્દ્રભાઈ દવેની પુરુષોત્તમ ઉપાધ્યાયે સંગીતબદ્ધ કરેલ આ અતિ જાણીતી - સુંદર - હૃદયસ્પર્શી રચના 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં.. જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રાજ... એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં... તમે યાદ આવ્યાં...' ભાવનગરની જ ગાયિકા બહેન ગાર્ગી વોરાએ એવી બખૂબીથી ગાયું કે ઓડિયન્સ આ કલાકાર પર ઓળગોળ થઈ ગયું... ને 'વન્સમોર' આપવો જ પડ્યો!!

કેટલાંક ગીતોના શબ્દો - એનો ભાવ, સ્વર નિયોજન અને ગાયકના સૂરીલા કંઠેથી તેની સુંદર પ્રસ્તુતિ શ્રોતાઓને ઘેલાં કરી જ મૂકે છે અહીં પણ 'વીજલડી રે... વીજલડી રે...' (નિરજ પાઠક) હોય કે 'રૂપલે મઢી છે સારી રાત' (ગાર્ગી વોરા) હોય 'વન્સ મોર' થી માગણી થઈ જ...

ફૂલછાબોમાં ફૂલો ઘણાં હતાં ને સમય સરસર સરતો જતો હતો એટલે પછી ઓડિયન્સ ફરમાઈશ પર શ્યામલ-સૌમિલે કવિ હિતેન આનંદપરાની રચના 'લક્ષ્મીની જેમ જ લાગણીઓ ગણે છે... આ માણસ બરાબર નથી... ગણે છે ને ઓછી પડે તો રડે છે... આ માણસ બરાબર નથી...' અને તુષાર શુક્લનું જાણીતું ગીત 'દરિયાનાં મોજાં થઈ રેતીને પૂછે છે... તને ભીંજાવું ગમશે કે કેમ... એમ પૂછીને થાય નહીં પ્રેમ....' પેશ કરી સૌને ખુશ કર્યા. કાર્યક્રમના સમાપનમાં બધા જ કલાકારોએ 'હુતુતુ.. તુ.. તુ.. જામી રમતની ઋતુ' ની જોરદાર જમાવટ કરી જેમાં શ્રોતાજનો પણ જોડાયા.

ગીતો-ગઝલની આ ચાલી રહેલી રમઝટ વચ્ચે કુશળ - સિદ્ધહસ્ત સંચાલક તુષારભાઈ શુક્લએ પ્રસ્તુત થનાર કે ગવાયેલી રચનાઓનાં સર્જકો વિશે, એના સ્વરકારો વિશે, ગુજરાતી ફિલ્મો વિશે, જે તે રચના અંગેના તેના કવિના ને પોતાના દૃષ્ટિકોણ વિશે, ગુજરાતી ગીત સંગીતના ઈતિહાસ - ભાવિ વિશે વિવિધ સંદર્ભો - અનુભવોને સાંકળી લઈ, ખપ પૂરતી વાતો તેમની હળવાશથી ગંભીર વાત કરવાની આગવી 'સ્ટાઈલ' માં એવી સરસ રીતે કહી કે બે પ્રસ્તુતિ વચ્ચેનો અવકાશ રસપ્રદ - જીવંત અને કંઈક અંશે 'કાવ્ય મીમાંસાસત્ર' જેવો બની રહ્યો.. અલબત્ત કવિ તુષારભાઈ શુક્લ માટે આ નવું નહીં, અતિ સહજ હતું ને તેથી જ શ્રોતાઓએ પણ ગીત-સંગીત સાથે આ વાતોય મન મૂકીને માણી...

બલવંત સિંધા જેવા કુશળ તબલાવાદક સહિત એવા જ નીવડેલા વાદ્યવૃંદની સંગતમાં શ્યામલભાઈ - સૌમિલભાઈ - આરતી દવે, નિરજ તથા ગાર્ગી જેવા ઊંચા ગજાના કલકારોએ દિલ દઈને ગાયું ને 'શિવરંજની'ના સજ્જ શ્રોતાઓએ અંતરના ઉમળકાથી એને એવું ઝીલ્યું કે મંચ ને પ્રેક્ષાગાર - કલાકારોને શ્રોતાઓ વચ્ચે સુંદર 'સ્વર સેતુ' રચાયો... એ જ 'વેણીમાં સદાબહાર ફૂલ' કાર્યક્રમની સફળતા હતી...

તા. ૨૧ જૂને ઘણા બધા સારા દિવસોનો સુભગ સમન્વય હતો. એ વિશ્વ યોગ દિવસ હતો તો 'વર્લ્ડ મ્યુઝિક ડે' પણ હતો. 'ફાધર્સ ડે' પણ ખરો ને હિંદુ પંચાગ મુજબ વર્ષાઋતુના વિધિવત પ્રારંભનો દિન પણ હતો... આવા સારા દિવસે કરાયેલ સંગીત પ્રસ્તુતિ જેવા મંગલકાર્યને સફળતા મળે જ ને?

તા. ૨૧ જૂને લગભગ દર વર્ષે ગ-૧ ના 'સંગીત સર્કલ' ખાતે 'વિશ્વ સંગીત દિવસ' ઊજવનાર અને 'સ્વર-શબ્દની આરાધનાના' એકમાત્ર ધ્યેયને વરેલી નગરની એકમાત્ર ૪૩ વર્ષ જૂની સંગીત સંસ્થા 'શિવરંજની' એ આ 'વિશ્વ સંગીત દિવસે' ટાઉનહોલ ખાતે મોટો કાર્યક્રમ યોજી, વૈવિધ્યસભર અને અવનવાં રંગો-ભાત-આભાવાળાં ગીતોરુપી ફૂલોનો ગજરો ગૂંથવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.... 'શ્યામલ-સૌમિલ મુનશી'ના 'સ્વર સેતુ' ને પણ અભિનંદન...